# પરમાર્થ

—— તમારી મદદ અન્યને મદદરૂપ થાય છે. ——

જુલાઈ '૨૩ - સપ્ટે. '૨૩ આવૃત્તિ


## અધ્યક્ષશ્રીની કલમે,

પ્રિય મિત્રો,

ચારૂતર આરોગ્ય મંડળ તરફથી આપ સર્વને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ!



હું આશા રાખું છું કે વિક્રમ સંવત ૨૦૮૦નું આ નવું વર્ષ આપને અને આપના પરિવારને સ્વસ્થ આરોગ્ય અને સુખાકારી પ્રદાન કરે, અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાની આપની લાગણીઓ સદાય જીવંત રાખે.

જુલાઈ મહિનામાં ચારૂતર આરોગ્ય મંડળે સ્થાપનાના ૫૧ વર્ષ પૂર્ણ કર્યા, અને ૫૨માં વર્ષમાં પ્રવેશની ઉજવણી હર્ષોઉલ્લાસ સાથે કરવામાં આવી. તબીબી સેવા અને દર્દીઓ પ્રત્યે પ્રતિબદ્ધતાના આ ભવ્ય વારસાને માણવા માટે, સ્થાપના દિવસની સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં મંડળના સભ્યો, કર્મચારીઓ અને તેમના પરિવારોએ હાજરી આપી.

પરમાર્થ મેગેઝિનનો આ અંક, તબીબી સેવા તથા શિક્ષણ ક્ષેત્રે વિકાસનો ફાળો ભરતી અમારી સિદ્ધિઓનો સાક્ષી સાથે વિશેષ બન્યો છે. "અમૃતા પટેલ સેન્ટર ફોર પબ્લિક હેલ્થ" અમારા ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. અમૃતા પટેલે જનઆરોગ્ય ક્ષેત્રમાં કરેલ કાર્યોને બિરદાવવા અને તેમના સ્વપ્નને આગળ સાકાર કરવા સ્થાપિત થયું છે. કેન્સરના દર્દીઓને વધુ અસરકારક સારવાર આપતી રેડિયેશન થેરાપી આપતું ટ્રૂ બીમ લીનિયર એક્સીલરેટરનું ઉદ્‌ઘાટન અમારા ચાલીસ વર્ષોથી દાન આપનાર દાતા - તાતા ટ્રસ્ટના સિનિયર ઑફિસર્સના હસ્તે કરવામાં આવ્યું.

વધુમાં અમારા કાર્ડિયાક સેન્ટર ખાતે વિશ્વ કક્ષાની નવીન ડાયમન્ડ ક્રાઉન ટેકનોલૉજીની મદદથી હૃદયની ધમનીમાં રહેલ વધુ માત્રાના કેલ્સિફિકેશનને દૂર કરવાની સારવાર કરવામાં આવી. તેમજ ડો. શિવાની ભટ્ટ ચેરિટેબલ ફાઉન્ડેશનના સહયોગથી અંગદાન અભિયાન "SHODH" ની શરૂઆત પણ થઈ.

અમારી આરોગ્ય સેવામાં તાજેતરમાં થયેલ ઉમેરો તથા, પાછલા વર્ષો દરમિયાન થયેલ વિકાસ આપના જેવા દાતાઓની ઉદારતા અને તેમના સંસ્થા પ્રત્યેના અતૂટ વિશ્વાસને આભારી છે. અમારા દરેક કાર્યમાં આપના બિનશરતી ટેકાને કારણે અમે લાખો દર્દીઓને સેવા આપી શકીએ છીએ, જે માટે અમે હંમેશા આપના ઋણી રહીશું.

અતુલ પટેલ
અધ્યક્ષ, ચારુતર આરોગ્ય મંડળ

---

## દાતાશ્રીઓના શબ્દોમાં

"મંડળ દ્વારા સંચાલિત શ્રી કૃષ્ણ હૉસ્પિટલ એક વિશ્વાસપાત્ર મલ્ટી-સ્પેશિયાલિટી હૉસ્પિટલ છે, જ્યાં દુઃખ અને પીડા સાથે આવતા દર્દીઓ ફરી સ્વસ્થ થવાના આનંદ સાથે વિદાય લે છે. આજના મોંઘવારીના યુગમાં, આ હૉસ્પિટલ દર્દીઓને વાજબી દરે શ્રેષ્ઠ સારવાર પૂરી પાડે છે અને જરૂરતમંદ દર્દીને કોઈપણ ખર્ચના બોજ વિના એકસમાન ધોરણે શ્રેષ્ઠ સારવાર મળે તેની ખાતરી આપે છે. આવા દર્દીઓને મદદ કરવા બદલ હું મંડળની આભારી છું.

૧૦૦૦ પથારી ધરાવતી આધુનિક શ્રી કૃષ્ણ હૉસ્પિટલ કે જેમાં નિષ્ણાત ડૉક્ટરોની ટીમ કાર્યરત રહે છે. તેનું સંચાલન કરવા માટે હું મંડળની સેવાઓની કદર કરું છું. શ્રી કૃષ્ણ હૉસ્પિટલે COVID-૧૯ રોગચાળા દરમિયાન પણ શ્રેષ્ઠ કામગીરી કરી છે. આ રાજ્યની શ્રેષ્ઠ હૉસ્પિટલોમાંની એક છે કે જ્યાં બાળકોથી લઈને વૃદ્ધાવસ્થા સુધીના દર્દીઓને સારવાર પુરી પાડવામાં આવે છે."

જેસિકા એમ માકડિયા (નિયમિત દાતા અને શુભેચ્છક)
રાજકોટ

## દર્દીઓના કિસ્સા



કુંજકુમાર આર પટેલ

હસમુખ સ્વભાવનો ૧૦ વર્ષનો કુંજ આણંદ જિલ્લાના કણભાઈપુરા ગામના ખેડૂત શ્રી રાજેશભાઈ પટેલનો પુત્ર છે. તેને બે દિવસ સાધારણ તાવ આવ્યો હતો. જેના પછી એક સવારે ખાંસી, શરદી થવાની સાથે તેને ચાલવામાં પણ તકલીફ થવા લાગી. તે શાળામાં પણ ગયો પરંતુ અચાનક નીચે પડી ગયો અને બેભાન થઈ ગયો, તેથી સંબંધીઓને બોલાવવામાં આવ્યા અને તેને ઘરે પરત લઇ જવામાં આવ્યો. ધીમે ધીમે તેને શરીરના ઉપલા ભાગોમાં નબળાઈ આવવા લાગી, જેથી તેને સ્થાનિક હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. પરંતુ સ્થિતિ વધુ વણસતા તેને કરમસદની શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં લાવવામાં આવ્યો.

પ્રારંભિક મૂલ્યાંકન પછી તેને હૉસ્પિટલના પીડિયાટ્રિક આઈ.સી.યુ.માં દાખલ કરવામાં આવ્યો. તેને ગરદનના સ્નાયુમાં નબળાઈ થતાં ખોરાક ગળવામાં અને બોલવામાં તકલીફ થતી હતી. સ્થિતિ વણસતાં, ડૉક્ટર દ્વારા ઈન્ટ્યુબેશન કરવામાં આવ્યું હતું. ન્યુરોફિઝિશિયનના મૂલ્યાંકન અને કેટલાક વધુ પરિક્ષણો બાદ તેને 'જી.બી.એસ.' નું નિદાન થયું જે ચેતાતંત્રના કોષો પર હુમલો કરતો એક અસામાન્ય ચેતાતંત્રનો રોગ છે. કુંજને વૅન્ટિલેટર સપોર્ટ, ફિઝિયોથેરાપી, ભારે દવાઓ, અને સહાયક સંભાળ સાથે IVIG સારવાર શરૂ કરાઈ. ૬૫ દિવસની લાંબી સારવાર બાદ તેને રજા આપવામાં આવી અને તે હસતા ચહેરા સાથે ઘરે પાછો ગયો. તેના માતા-પિતાએ હર્ષના આંસુ સાથે હૉસ્પિટલ અને તેમના દીકરાની સારવારમાં સહાય કરનાર દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો.

---



ભાવેશકુમાર ધુળાભાઈ પટેલ

પેટલાદ તાલુકાના ઈસરામા ગામના ૪૪ વર્ષીય ભાવેશકુમાર ધુળાભાઈ પટેલને મલ્ટીપલ માયલોમા નિદાન થયું. આ બ્લડ કેન્સરનો એક પ્રકાર છે કે જે પ્લાઝમા કોષોને અસર કરે છે, (વિશેષ રક્ત કોશિકાઓ જે ચેપ સામે લડવા માટે ઍન્ટિબૉડીઝ ઉત્પન્ન કરે છે.) તેઓ અમારી હૉસ્પિટલના મણિભાઈ શિવાભાઈ પટેલ કૅન્સર સૅન્ટરમાં ૨૦૨૧ થી કૅન્સરની સારવાર લઈ રહ્યા છે. આવી સ્થિતિમાં સામાન્ય રક્ત કોષિકાઓના ઉત્પાદનમાં ઘટાડો થવાથી દર્દીના કિડની, હાડકાં અને શરીરના અન્ય અવયવો પર અસર થઇ શકે છે.

તેમને કીમોથેરાપીના ૬ જેટલા હાઈડોઝ દ્વારા કેન્સરના સેલ્સનો નાશ કરવામાં આવ્યો. ભાવેશકુમાર અને તેમની પત્ની સાથે કાઉન્સેલિંગ કર્યા બાદ ઑટોલોગસ સ્ટેમ સૅલ ટ્રાન્સપ્લાન્ટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. જેની માટે તેમને અમારા બોન મૅરો ટ્રાન્સપ્લાન્ટ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા. અમારા હેમેટો-ઑન્કોલૉજિસ્ટ અને તેમની ટીમ દ્વારા સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી જેના પરિણામે બે અઠવાડિયા પછી, નવા રક્ત કોષો બનવા લાગ્યા અને દર્દીની તબિયતમાં સુધારો થતા હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી. તેમની પત્નીએ હોસ્પિટલ દ્વારા આપવામાં આવેલ સમયસર માર્ગદર્શન અને સારવાર બદલ આભાર વ્યકત કર્યો.

---

## દાતાશ્રીઓની મુલાકાત



દેસાઈ બ્રધર્સ લિમિટેડના સી.એસ.આર.- ઈન્ચાર્જ, ડૉ. ચંદ્રકાંત રાવલ અને સિનિયર મૅનેજર અને મૅનેજીંગ ડાયરેક્ટરના ઍક્ઝિક્યુટિવ મદદનીશ શ્રી નિલેશ ગુજરાથીએ ૬ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ નવનિર્મિત અમૃતા પટેલ સેન્ટર ફોર પબ્લિક હેલ્થ અને હોસ્પિટલની અન્ય સુવિધાઓ જોવા મંડળની મુલાકાત લીધી.



ઑગસ્ટ'૨૩ માં એમ.એમ.જે.સી. કન્સલ્ટન્સી એલ.એલ.પી., મુંબઈએ નવીન ફ્લોરિન ઈન્ટરનેશનલ લિમિટેડે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં આપેલ દાનના ઉપયોગની આકારણી કરવા માટે મંડળની મુલાકાત લીધી હતી. આ આકારણીમાં મિશ્ર પદ્ધતિઓનો ઉપયોગ કરીને ચોક્કસ ડેટા મેળવ્યા હતા, જેમાં પ્રાથમિક સર્વેક્ષણો, ઊંડાણપૂર્વકના ઈન્ટરવ્યુ, કેસ સ્ટડીઝ અને ચોક્કસ ગ્રુપ સાથે ચર્ચાઓનો સમાવેશ થાય છે. મુલાકાત દરમિયાન, કન્સલ્ટન્સીએ નવીન ફ્લોરિન ઈન્ટરનેશનલ લિમિટેડ તરફથી ચારુતર આરોગ્ય મંડળને દાન હેઠળ પ્રાપ્ત થયેલ સાધનોની પણ ચકાસણી કરી હતી. તેમણે લાભાર્થીઓ, ડૉક્ટર્સ અને મૅનેજમૅન્ટ સ્ટાફ સ્ટફનો સંપૂર્ણ પ્રતિભાવ મેળવ્યો હતો. આ રિપોર્ટમાં સુસંગતતા, અસરકારકતા, કાર્યક્ષમતા અને સાતત્ય વગેરે પરિમાણોને આવરી લેવામાં આવ્યા હતા.

## મુખ્ય પ્રસંગો





**અમૃતા પટેલ સૅન્ટર ફૉર પબ્લિક હૅલ્થનું ઉદ્ઘાટનઃ**

ભાઈકાકા યુનિવર્સિટીના અમૃતા પટેલ સૅન્ટર ફૉર પબ્લિક હૅલ્થનું ઉદ્ઘાટન ડૉ. મનસુખ માંડવિયા, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ અને ખાતર મંત્રી, ભારત સરકારના હસ્તે ૨જી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ શ્રી ઋષિકેશ પટેલ, ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીની હાજરીમાં કરવામાં આવ્યું.

આ સમારંભમાં ડો. અમૃતા પટેલ (ભૂતપૂર્વ અધ્યક્ષ, ચારુતર આરોગ્ય મંડળ), સરકારી વિભાગોના આગેવાન મહાનુભાવો, દાતાશ્રીઓ, મંડળના બોર્ડના સભ્યો, સ્ટાફ અને મહેમાનોએ હાજરી આપી હતી.

અમૃતા પટેલ સૅન્ટર ફૉર પબ્લિક હૅલ્થ, તમામ કક્ષાના જન આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતો માટે એક વાઈબ્રન્ટ લર્નિંગ હબ અને ક્ષમતા-નિર્માણ સંસ્થા બનશે. આ સૅન્ટર ડૉ. અમૃતા પટેલે જન આરોગ્યક્ષેત્રમાં કરેલ કામોને બિરદાવવા માટે તથા તેમના કાર્યોને આગળ ધપાવવા માટે ઊભું કરવામાં આવ્યું છે. ડૉ. અમૃતા પટેલે છેવાડાની વ્યક્તિને ઉચ્ચ ગુણવત્તાવાળી આરોગ્યની સેવાઓ પહોંચાડવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમની આ નિઃસ્વાર્થ સેવા માટે તેમને પ્રતિષ્ઠિત પુરસ્કારો જેવા કે, પદ્મભૂષણ, ડૉ. નૉર્મન બોરલોગ ઍવૉર્ડ અને ઈન્ટરનેશનલ પર્સન ઑફ ધ યરથી સન્માનિત કરવામાં આવ્યા છે.

**હૉસ્પિટલના મણિભાઈ શિવાભાઈ પટેલ કેન્સર સૅન્ટરમાં બીજા હાઈ-ટૅક લીનિયર ઍક્સિલરેટર (LA) મશીનનું ઉદ્ઘાટનઃ**






અમારા કેન્સર સેન્ટર ખાતે સર દોરાબજી તાતા રેડિયેશન થેરાપી સેન્ટરમાં તાતા ટ્રસ્ટના ૧૪ કરોડના માતબર સહયોગથી નવું હાઇ-એનર્જી હાઇ-ડેફિનેશન ટૂ બીમ લીનિયર ઍક્સિલરેટર સ્થાપિત કરવામાં આવ્યું. આ સાથે સૅન્ટર ખાતે રેડિયેશનની સારવારની ગુણવત્તામાં બહુવિધ ઉમેરો થયો છે.

આ નવી સુવિધાનું ઉદ્ઘાટન શ્રી આશિષ દેશપાંડે, સી.ઍફ.ઓ., સર રતન તાતા ટ્રસ્ટ અને શ્રી કુમાર નંદુલા, સી.ઍફ.ઓ., તાતા કેન્સર કેર ફાઉન્ડેશનના હસ્તે ૨૪ ઑગસ્ટ ૨૦૨૩ ના રોજ આમંત્રિત મહેમાનો, સ્ટાફ અને મંડળના બૉર્ડ સભ્યોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

આ નવીન અદ્યતન લીનિયર ઍક્સિલરેટર મશીન, રેડિયેશન થેરાપી માટેની અત્યાધુનિક ટૅકનોલૉજી છે, જેના થકી કેન્સરના કોષો પર લક્ષ આધારિત રેડિયેશનના ડોઝ આપવાથી ટૂંકા ગાળામાં શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત થાય છે તથા આ સારવારની આડ અસર ઓછી થાય છે. આ કેન્સર સૅન્ટર ખાતે દરરોજ ૧૩૦ થી વધુ દર્દીઓ આસપાસના તથા દૂરના વિસ્તારોથી પણ રેડિયેશનની સારવાર અર્થે આવે છે. આ નવું લિનિયર ઍક્સિલરેટર મશીન કેન્સરના દર્દીઓ માટે વરદાનરૂપ સાબિત થશે.

## મુખ્ય પ્રવૃત્તિઓ









- ૨૮મી જુલાઈ ૨૦૨૩ના રોજ ચારુતર આરોગ્ય મંડળના બાવનમાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમ દરમિયાન સંસ્થામાં ૨૫ વર્ષની સેવા પૂર્ણ કરનાર આઠ કર્મચારીઓને પ્રમાણપત્ર આપી અને અંગવસ્ત્રમ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૮ ડૉક્ટર્સને સ્ટાર ડૉક્ટર્સ તરીકે સન્માનિત કરાયા હતા.
- ભાઈકાકા યુનિવર્સિટીએ ડૉ. શિવાની ભટ્ટ ચૅરિટેબલ ફાઉન્ડેશનના સહયોગથી, ૧૩મી ઑગસ્ટ ૨૦૨૩ના રોજ, વિશ્વ અંગદાન દિવસે SHODH (શિવાની ઑર્ગન ડોનેશન હેલ્પ) નામે અંગદાન અભિયાન શરૂ કર્યું. આ પ્રોજેક્ટ ત્રણ તબક્કામાં અમલ કરવામાં આવશેઃ સમુદાયમાં જાગૃતિ, શ્રી કૃષ્ણ હૉસ્પિટલ ખાતે અંગ પ્રાપ્ત કરીને તેને ગવર્નમેન્ટની મદદથી ગ્રીન કોરિડોરની સગવડથી જે તે સૅન્ટરમાં પહોંચાડવા અને ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન સૅન્ટરનો વિકાસ.
- ચારુતર આરોગ્ય મંડળે ૨૭મી ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સ્થાપક અધ્યક્ષ ડૉ. એચ.ઍમ. પટેલની ૧૧૯મી જન્મજયંતિની ઉજવણી કરી. આ દિવસે ડૉ એચ. ઍમ. પટેલની સમાધિ પર શ્રી જાગૃત ભટ્ટ, ચારુતર આરોગ્ય મંડળના માનદ મંત્રીશ્રી, ડૉ. ઉત્પલા ખારોડ, ભાઈકાકા યુનિવર્સિટીના પ્રોવોસ્ટ, નર્સિંગ સ્ટાફ અને યુનિવર્સિટીના કર્મચારીઓએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.
- શ્રી કૃષ્ણ હૉસ્પિટલ દ્વારા ભુજમાં શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટના સહયોગથી ૨૨-૨૩ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ નિઃશુલ્ક કાર્ડિયાક કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં કચ્છના અંતરિયાળ વિસ્તાર જેવા કે ખાવડા (કચ્છનું રણ), માંડવી, મુન્દ્રા, ગાંધીધામ, નખત્રાણા, અંજાર, અને ભૂજ સ્થળોએથી ૧૦૯ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો.
- અમારા પ્રિવિલેજ સૅન્ટર ખાતે સાંજની ઓ.પી.ડી. સોમવારથી શુક્રવાર સાંજે ૫ થી ૭ દરમ્યાન શરૂ કરી છે, જેમાં મૅડિસિન, ક્રિટિકલ કેર, સર્જરી, બાળરોગ, સ્ત્રી રોગ, ચેસ્ટ મૅડિસિન, ઑર્થોપેડિક્સ અને આંખના વિભાગોનો સમાવેશ થાય છે.

## કૃતજ્ઞતા

**જુલાઈ ૨૦૨૩ થી સપ્ટેમ્બર ૨૦૨૩ ના સમયગાળા દરમિયાન દાન આપનાર મુખ્ય દાતાશ્રીઓ**

- રોટોમૅગ મૉટર્સ એન્ડ કંટ્રોલ્સ પ્રા. લિ.
- રોટોમોટિવ પાવરડ્રાઈવ્સ ઈન્ડિયા લિ.
- નવીન ફ્લોરિન ઈન્ટરનેશનલ લિમિટેડ
- તાતા ઍજ્યુકેશન ઍન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ
- આઈનૉક્સ એર પ્રોડક્ટ્સ પ્રા. લિ.
- શ્રી ચંદ્રવદન શાંતિલાલ શાહ
- સુદ-કેમી ઈન્ડિયા પ્રા. લિ.
- જી.ઍમ.ઍમ. ફોડલર ફાઉન્ડેશન
- સર દોરાબજી તાતા ટ્રસ્ટ
- શ્રી અતુલ અમીન – યુ.કે.
- ધ લોટસ ટ્રસ્ટ
- પી.બી.ઍમ. પોલિટેક્સ લિમિટેડ
- બેસ્ટ વૅલ્યુ કેમ પ્રા. લિ.
- ગીવ ફાઉન્ડેશન
- બાન્કો પ્રોડક્ટ્સ (ઈન્ડિયા) લિમિટેડ
- ગીવ ફાઉન્ડેશન ઈન્ક.
- જી.ઍમ.ઍમ. ફોડલર લિમિટેડ
- શ્રી નારાયણ
- કુ. ઉમા એસ. પટેલ
- કેરા કેન કંપની લિમિટેડ
- વિદ્યા વાયર્સ પ્રા. લિ.
- શ્રી સુનિલ સી. દવે
- શ્રી મહેન્દ્રકુમાર અંબાલાલ શાહ
- શ્રી મહેન્દ્રભાઈ છોટાભાઈ પટેલ
- શ્રી હરીશકુમાર પી. દેસાઈ
- શ્રીમતી નિશા દા કુન્હા
- શ્રીમતી હંસિકા મહેન્દ્ર શાહ
- મેસર્સ લક્ષ્મી સ્નેક્સ પ્રા. લિ.
- બેનિવિટી ફંડ – યુ.એસ.એ.
- શ્રીમતી ઉષાબેન આપાભાઈ અમીન
- શ્રી યોગેશકુમાર જશભાઈ પટેલ
- શ્રી મુકેશભાઈ શાંતિલાલ દેસાઈ
- શ્રી ભરતભાઈ ચતુરભાઈ પટેલ
- ડૉ. નયનકુમાર કે. મોદી

## આપની સહાય, મંડળને સાથ

| અનુક્રમ નંબર | આર્થિક સહાય | રૂપિયા (અંદાજીત) |
|---|---|---|
| ૧. | જરૂરિયાતમંદ દર્દીઓને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ/રેડીયેશન થેરાપીની સારવાર માટે સહાય | ૩,૫૦,૦૦૦ |
| ૨. | ઓછા વજનવાળા, વહેલા જન્મેલા નવજાત શિશુઓની NICUમાં સારવાર | ૭૫,૦૦૦ |
| ૩. | આશીર્વાદ વૉર્ડના ૪૦ દર્દીઓના એક દિવસના ખોરાક માટે ''ભોજન યોજના'' અંતર્ગત સહાય | ૧૦,૦૦૦ |
| ૪. | નર્સિંગ કૉલેજ બિલ્ડીંગના નિર્માણ માટે | ૧૫,૦૦,૦૦૦ |
| ૫. | સિમ્યુલેશન સેન્ટર / સ્કિલ લૅબના પ્રત્યેક રૂમના નામકરણ સાથેની સહાય | ૧૦,૦૦,૦૦૦ પ્રતિ રૂમ |

૧. આપનું અનુદાન આપની ઈચ્છા પ્રમાણેના હેતુ માટે જ આપવામાં આવશે. વિકલ્પ ૪ અને ૫ માટેની સહાય માટે આપસી સંમતિની માર્ગદર્શિકા પ્રમાણે બ્રાન્ડિંગ અથવા નામકરણ સુવિધા ઉપલબ્ધ છે.

૨. આપની સહાય "ચારુતર આરોગ્ય મંડળ"ના ચેક દ્વારા અથવા દર્શાવેલ ક્યુ.આર. કોડ સ્કેન કરીને ઑનલાઈન મોકલી શકાશે. આ સાથે આપ આપના દાનની વિગત ફોન અથવા ઈ-મેઈલ દ્વારા મોકલશો. મંડળને આપેલા દાનનીરકમ ઈન્કમ ટેક્સ ઍક્ટ-૧૯૬૧ અંતર્ગત ૫૦% કરમુક્તિને પાત્ર છે.

૩. US/UK માં મળવાપાત્ર કર લાભો સાથે દાન આપવા માટે અમને અથવા +૯૧ ૮૧૪૧૯ ૩૩૩૨૨ પર સંપર્ક કરવા વિનંતી છે.

**અમે નીચેની સંસ્થાઓ સાથે ઍનલીસ્ટેડ છીએ:**

- ગીવ ઈન્ડિયા
- ચૅરિટી એઈડ ફાઉન્ડેશન, ઈન્ડિયા
- આઈ ચૅરિટી
- હેલ્પ યૉર એન.જી.ઓ.
- TISS, CSR HUB (ડિસેમ્બર ૨૦૨૩ સુધી)

**અમે નીચેની સંસ્થાઓ સાથે રજીસ્ટર્ડ છીએ:**

- ગાઈડસ્ટાર ઈન્ડિયા પ્લેટિનમ લેવલ (રજી નં. ૭૮૦), રિન્યુઅલ માટે અરજી કરેલ છે.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉર્પોરેટ અફેર્સ (IICA, Delhi) ના ઈમ્પ્લીમેન્ટીંગ ઍક્રેડિટેડ એજન્સીસ હબ દ્વારા સન્માનિત

**અમને નીચેની સંસ્થાઓની માન્યતા પ્રાપ્ત થયેલ છે :**

- BSE સમ્માન
- ક્રેડિબિલિટી અલાયન્સ (ડિઝાયર્ડ નોર્મ્સ)

## હા, હું સંકલ્પ કરવા માગું છું.

રૂા. ______________ (શબ્દોમાં) ______________

શ્રી ______________ ના પ્રસંગે/સ્મરણાર્થે

(માસિક/ત્રિમાસિક/વાર્ષિક) રૂા. ______________ મારી સહાયરૂપે નોંધાવું છું.

નામ: ______________ ઈ-મેઈલ ______________

સરનામું : ______________

પીન કોડ: ______________ ફોન / મોબાઈલ નંબર: ______________ પાન નં.: ______________

સહી :

"કશુંક મેળવીને તમે જીવન જીવો છો, પણ કશુંક આપીને તમે જીવન બનાવો છો."